PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૦/કવા–૦૨/૧૮–૧૯/ 8713-3 તા. 14-9-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડાભી રૂડા શામજી,
ગામ:ગઢકા
તા. કલ્યાણપુર,
જી: દેવભુમી દ્રારકા
મો: ૯૭૨૬૦ ૧૦૪૭૦

4A

વિષય :–મેન્ટેનન્સ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૦/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

w-45

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૦/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૮–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ડાભી રૂડા શામજી, ગામ: ગઢકા

રજુઆત કરનાર: અરજદાર ડાભી રૂડા શામજી હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર : – કે.સી.ચૌહાણ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

**ફરીયાદ : મેન્ટેનન્સ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, અરજદાર ગામ:ગઢકા ખાતે સર્વે નંબર: ૨૬૭ વાળી જમીનમા વિજપોલ તેમજ વીજતાર પસાર થાય છે, જે નમી ગયેલ હોય – તેમજ વીજતાર ખૂબજ નીચે આવી ગયેલ હોય – તા.૦૫–૦૬–૧૮ ના રોજ લેખીત રજુઆત કરવા છતા – રીપેરીંગ અંગે ની કાર્યવાહી કરેલ નથી. તેમજ સમયમર્યાદા મા કામ કરી આપેલ ન હોય – જવાબદાર કર્મચારી સામે કડક કાર્યવાહી કરવા અને સમયમર્યાદા મા કામ કરી આપેલ ન હોય – માનસીક અને આર્થિક નુકશાન બાબત – તેઓને મળવા પાત્ર વળતર પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ભરપાઈ કરી આપે તે માટે પણ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ડાભી રૂડા શામજી દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. ગઢકા ખાતે વીજ લાઈન મેન્ટેનન્સ કરી આપવા બાબત માટે રજૂઆત કરેલ છે. સદર બાબતના અનુસંધાને નાયબ ઈજનેર કલ્યાણપુર દ્વારા અરજદાની રૂબરૂ મુલાકાત લીધેલ. પરંતુ અરજદાર દ્વારા હાલમાં ખેતરમાં પાકનું જેથી પેટા વીભાગીય કચેરી દ્વારા અરજદાર ને તા.૨૯–૦૯–૧૮ ના લેખીત પત્ર દ્વારા – જાણકારી આપેલ કે વીજસમારકામ અંગે ની સદર કામગીરી કરવા માટે અત્રેની કચેરી ને જાણકારી આપ્યે થી – આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર તા. કલ્યાણપુરના ગામ:ગઢકા ખાતે રે. સર્વે નંબર: ૨૬૭ વાળી જમીન માથી વચ્ચે થી વીજપોલ નમી ગયેલ હોય – અને વીજવાયર ખૂબજ નીચે આવી ગયેલ હોય – જેની લેખીત રજુઆત પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં કરવા છતા – સમયમર્યાદા મા કામગીરી કરી આપેલ નથી. જે અનુસંધાને – અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરેલ અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી વીજલાઈન ના સમારકામ બાબતે અરજદાર ની હાજરીમાં જરૂરી સર્વે ની કામગીરી પૂર્ણ કરેલ છે. પરંતુ – અરજદાર ના જણાવ્યા મુજબ – તેઓના ખેતરમા પાકનુ વાવેતર થયેલ હોય – વીજલાઈન ના સમારકામ બાબતેની સદર કામગીરી થઈ શકેલ નથી. જેથી, સદર કામગીરી કરવા માટે અરજદાર ને પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૨૯–૦૯–૧૮ ના લેખીત પત્ર દ્વારા – જાણકારી આપેલ કે સદર બાબતે અત્રેની કચેરી ને જાણકારી આપ્યે થી – આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.<br><br>સદર કેઈસ મા ઉપરોક્ત બાબતે અરજદાર ની અરજી અન્વયે જરૂરી વીજલાઈન ના સમારકામ બાબતેની કામગીરી અન્વયે અરજદાર દ્વારા વીજપોલ તુટી ગયેલ હોય –તેમજ અકસ્માત થવાની સંભાવના હોય – જે અંગેના ફોટોગ્રાફસ ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે, તે મુજબ – અરજદાર ની હાલ ના તબ્બકે તેઓના ખેતરમા વાવેતર થયેલ હોય – જેથી સદર વીજલાઈન ના સમારકામ બાબતેની કામગીરી ન કરવા અરજદારે જણાવેલ હોય– જે અરજદાર ની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી. જેથી, સદર વીજલાઈન ના સમારકામ બાબતેની કામગીરી તાત્કાલીક અસરથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પૂર્ણ કરવી, જેમા અરજદારે સંપુર્ણ સહકાર આપવાનો રહેશે, અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરીને પણ સદર વીજલાઈન ના સમારકામ બાબતેની કામગીરી તાત્કાલીક અસરથી પૂર્ણ કરવાની રહેશે, તેમ– સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪:** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા માટે બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.